આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- શીતલ વૈશ્નવ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૨૭-૦૯-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

# PM-પરમ સુપર કોમ્પ્યુટર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરેન્સિંગ દ્વારા હવામાન અને આબોહવા માટે ત્રણ પરમ રુદ્ર સુપર કમ્પ્યુટરનું અનાવરણ કર્યું હતું. અંદાજે 130 કરોડ રૂપિયાની કિંમતની ત્રણ પરમ રુદ્ર સુપર કોમ્પ્યુટર, રાષ્ટ્રીય સુપરકોમ્પ્યૂટિંગ મિશન હેઠળ સ્વદેશી રીતે વિકસાવવામાં આવ્યા છે. આ સુપર કોમ્પ્યૂટર પુણે, દિલ્હી અને કોલકાતામાં અગ્રણી વૈજ્ઞાનિક સંશોધનની સુવિધાઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

આ પ્રસંગે સંબોધન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે ભારત ક્વોન્ટમ કમ્પ્યૂટિંગમાં નેતૃત્વ કરી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે દેશ સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ માટે પણ તૈયાર થઈ રહ્યો છે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---------------------------------------------------------------------------

# શ્રમિકો-લઘુત્તમ વેતન દરમાં વધારો

તહેવારો પહેલાં સરકારે શ્રમિકો અને ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રના મજૂરોને મોટી ભેટ આપી છે. કેન્દ્ર સરકારે અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા શ્રમિકો માટે લઘુતમ વેતન દર વધારવાનો નિર્ણય કર્યો છે. સરકાર દ્વારા સંશોધિત કરવામાં આવેલાં નવા લઘુતમ વેતન દર 1 ઓક્ટોબર, 2024થી લાગુ થઈ જશે. આ અગાઉ એપ્રિલ 2024માં દરમાં સંશોધન કરવામાં આવ્યું હતું. આ પગલાંનો હેતુ શ્રમિકોને વધી રહેલી મોંઘવારીનો સામનો કરવા મદદ કરવાનો છે.

**(શીતલ વૈશ્નવ/NP)**

---------------------------------------------------------------------------

## CM-બેંકિંગ સમિટનો પ્રારંભ

કો-ઓપરેટિવ બેન્કિંગ સેક્ટર માટે ટેક્નોલોજીના લાભ સાથે સંચાલનમાં પારદર્શિતા દ્વારા વિકાસનો આ સુવર્ણકાળ છે, તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

ગાંધીનગરમાં ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેન્કિંગ ફેડરેશન આયોજિત 'સહકાર સેતુ' મેગાઈવેન્ટ અને વેસ્ટર્ન ઈન્ડીયા અર્બન કો-ઓપરેટિવ બેન્કિંગ સમિટનો મુખ્યમંત્રીએ પ્રારંભ કરાવ્યો હતો. એક દિવસીય સમિટમાં ૬૦ જેટલી વિવિધ ટેકનોલોજી કંપનીઓની મદદથી બેન્કિંગ ક્ષેત્રે ઉપયોગી સાયબર સુરક્ષા સહિતની ટેકનોલોજી વિશે માહીતી પૂરી પાડવામાં આવી હતી.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---

## CM-પેટ્રોકેમિકલ કોન્કલેવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલક્ષેત્રને ટકાઉ ઔદ્યોગિક વિકાસ માટેની ચાવીરૂપ ક્ષેત્ર ગણાવ્યું છે.એસોચેમ દ્વારા અમદાવાદ ખાતે યોજાયેલા ગુજરાત કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ કોન્કલેવ-૨૦૨૪નો મુખ્યમંત્રીએ આરંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે ઉદ્યોગો અને માળખાગત વિકાસની મહત્તાને રજૂ કરી હતી..

મુખ્યમંત્રીએ કેમિકલ વેસ્ટનો સંપૂર્ણ નાશ વૈજ્ઞાનિક પદ્ધતિથી થાય તેના ઉપર પણ ચર્ચા કરવા ભાર મૂક્યો હતો..

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---

## ગરીબ કલ્યાણ મેળાનો આરંભ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે બનાસકાંઠા શહેરમાં રાજ્ય કક્ષાના ગરીબ કલ્યાણ મેળાને ખુલ્લો મૂકશે. રાજયભરમાં અલગ અલગ જિલ્લાઓમાં યોજાનાર જિલ્લા કક્ષાના મેળાઓમાં રાજ્ય સરકારના મંત્રીઓ ઉપસ્થિત રહેશે.

કચ્છ જીલ્લાનો ગરીબ કલ્યાણ મેળો સાંસદ વિનોદ ચાવડા તેમજ જીલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં ભુજ ટાઉન હોલ ખાતે યોજાશે.

ગરીબ કલ્યાણ મેળાઓના આયોજનથી 125 કરોડ રૂપિયાની ગુણવત્તાયુક્ત કીટ્સનું લાભાર્થીઓને પ્રત્યક્ષ વિતરણ થશે.

અંતરિયાળ વિસ્તારના વંચિત-ગરીબ લોકો સુધી સરકારની કલ્યાણ યોજનાઓના લાભ હાથોહાથ પહોંચાડવા 2009થી પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ ગરીબ કલ્યાણ મેળાનો અભિગમ આપ્યો છે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ/NP)**

---------------------------------------------------------------------------

## CDSCO-ડ્રગ્સ

કેન્દ્રિય ધોરણ નિયંત્રણ સંસ્થા- CDSCO એ પોતાના માસિક અહેવાલમાં 50 દવાઓને યોગ્ય ગુણવત્તાવાળી નહિં હોવાનું જણાવ્યું છે. આના લીધે પેરાસિટામોલ, વિટામીન ડી-3, જેવી 50 દવાઓના ઉપયોગ અંગે ચિંતા ઉભી થઈ છે. આ દવાઓ ઉત્પાદિત કરતી ઘણી કંપનીઓની દવાઓમાં યોગ્ય ગુણવત્તા જળવાઈ ન હોવાનું CDSCO ના અહેવાલમાં જણાવાયું છે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---------------------------------------------------------------------------

## PM-મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 29મી સપ્ટેમ્બરે સવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત કાર્યક્રમ’ દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનું આ 114મું સંસ્કરણ હશે. આ કાર્યક્રમ આપ આકાશવાણી, દૂરદર્શન, A.I.R. ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ

ઑન એર મોબાઇલ એપ્લિકેશન પર સાંભળી શકશો. ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિંદી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુ-ટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમના તુરંત બાદ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાંથી ચોમાસાએ વિધિવત વિદાય લીધી છે તે વચ્ચે હવામાન વિભાગે આજે અને આવતીકાલે કેટલાક સ્થળે ઝાપટાથી હળવો વરસાદ વરસવાની સંભાવના દર્શાવી છે. બીજી બાજુ જિલ્લામાં ભાદરવાનો અકળાવતો તાપ અનુભવાઇ રહ્યો છે જેના પગલે ગાંધીધામ અને અંજાર વિસ્તાર 37 ડિગ્રી સાથે રાજ્યભરમાં સૌથી ગરમ મથક બન્યા હતા તો ભુજનું ઉચું તાપમાન 35.6 ડિગ્રી, તો કંડલામાં મહત્તમ તાપમાન 34.6 જ્યારે નલિયા ખાતે 32.5 ડિગ્રી નોંધાયું હતું.

**(શીતલ વૈશ્નવ/NP)**

---------------------------------------------------------------------------